# ભજન:૨૨

## રંગાય જાને રંગમાં....

રંગાય જાને રંગમાં તુ રંગાય જાને રંગમાં
સીતારામ તણા સતસંગમાં, રાધેશ્યામ તણા તો રંગમાં..રંગાય..

આજે ભજશું કાલે ભજશું, ભજશું સીતારામ ક્યારે ભજશું રાધેશ્યામ
શ્ર્વાસ છુટશે નાડી તુટશે, પ્રાણ નહી રે તારા અંગમાં...રંગાય..

જીવ જાણતો ઝાઝુ જીવશું મારુ છે આ તમામ,
પહેલા અમર કરી લો નામ
તેડુ આવશે જમનું જાણજે, જાવુ પડશે સંગમાં...રંગાય..

સૌ જીવ કહેતા પછી જપીશુ પહેલા મેળવી લોને દામ,
રહેવાના કરી લો ઠામ
પ્રભુ પડયો છે એમ કયાં રસ્તામાં, સૌ જન કહેતા રંગમાં..રં

ઘડપણ આવશે ત્યારે ભજશું પહેલા ઘરના કામ તમામ
પછી ફરીશું તીરથધામ
આતમ એક દી ઉડી જાશે, તારુ શરીર રહેશે પલંગમાં..રંગાય

બત્રીશ ભાતના ભોજન જમતા ભેગુ કરીને ધન
એમા ક્યાંથી સાંભળે રામ
દાન પુણ્યથી દૂર રહયો તું, ફોગટ ફરે છે ઘમંડમાં..રંગાય.

રંગ રાગમાં ક્યારે રંગાશે રહી જાશે આમ ને આમ
માટે ઓળખ તું આતમ રામ
બાબા આંનદ હરી નામ અંખડ છે, ભજ તું શિવની સંગમાં...